# મા મારી શ્રેષ્ઠ મીત્ર

મા મારી શ્રેષ્ઠ મીત્ર
મા મારી પહેલી મીત્ર
અને શ્રેષ્ઠ મીત્ર,
અને છેલ્લી પણ.
બીજી મીત્રતાઓમાં
કદી સ્વાર્થનું નહીં; તો અપેક્ષાનું
વાળ જેવું બારીક
પણ એકાદ કણ તો આવી જાય;
પછી ઘસરકો, ઉઝરડો, તીરાડ.
ઉદારતાથી ક્ષમા કરીએ
કે કોઈ આપણને ક્ષમા કરી દે
તે વાત જુદી,
પણ થીંગડું અને ભીંગડું બંન્ને ઉખડે
માને તો આકાશ જેટલું ચાહી શકાય,
દેવમુર્તીની જેમ પુજી શકાય.
પણ એવું માંગે–ઈચ્છે–વીચારેય નહીં !
એટલે જ દોસ્તની જેમ
એને ખભે કે ખોળામાં માથું મુકી શકાય,
ઝઘડીયે શકાય.
આપણા હોઠો પર દુધીયા ગંધ
એની છાતીમાં અકબંધ.
એના ખોળામાંની
આપણા પેશાબની દુર્ગંધ
એ સાથે લઈને જ જાય
ભગવાનની પાસે–
અને સ્વયં ભગવાન સુગંધ..સુગંધ.. !

(ભગવાનનીયે મા તો હશે જ ને ?) – – – ભગવતીકુમાર શર્મા

સાભાર અક્ષરાંકન – સુનીલ શાહ –સુરત – sunilshah101@gmail.com

# તારા એક સ્મીત માટે હું લાખ જોજનનું અંતર કાપીશ, મારી મા !

હરીન્દ્ર દવે

મા વીશે ઉત્તમ ઉર્મીકવીતાથી માંડીને શ્રેષ્ઠ નવલકથા સુધીનું પારાવાર સાહીત્ય રચાયું છે. પ્રત્યેક સર્જકે જ્યારે જ્યારે મા વીશે લખવાનું નકકી કર્યું ત્યારે એની કલમમાં દૈવી રણકો આવી જ ગયો છે. હમણાં કોઈએ પુછયું : 'મા વીશેની શ્રેષ્ઠ ઉક્તીઓ કઈ હોઈ શકે ?' મારી જીભે એક યહુદી કહેવત સહજભાવે આવી ગઈ. મેં એ કહેવત જ જવાબમાં કહી દીધી : 'ભગવાન સર્વત્ર પહોંચી ન શકે, એટલા માટે એણે માતાનું સર્જન કર્યું.' થેકરેની નવલકથા 'વેનીટી ફેર'માં આ જ વાત જરાક જુદી રીતે કહેવાઈ છે : 'નાનાં બાળકના હોઠ ને હૃદયમાં ભગવાનને સ્થાને માનું નામ હોય છે.' વી. સ. ખાંડેકરે પણ સહેજ જુદી રીતે કહ્યું છે : 'દુનીયામાં બે બાબતો કદી ખરાબ નથી હોતી : એક આપણી માતા, બીજી આપણી જન્મભુમી.'

હમણાં મારા હાથમાં એક જુની ડાયરી આવી. અમેરીકન પ્રકાશન હતું એટલે ત્યાં મનાવાતા દીવસોની યાદી તેમાં હતી. એમાંનો એક દીવસ છેઃ 'મધર્સ ડે'. દર મે મહીનાના બીજા રવીવારે અમેરીકામાં માનું સન્માન કરવા માટે, માનું ઋણ સ્વીકારવા માટે આ દીવસ ઉજવાય છે. ૧૯૦૮માં ફીલાડેલ્ફીયામાં સૌ પ્રથમ આ દીવસ ઉજવાયો હતો . હવે તો એ પશ્ચીમની દુનીયાનો સ્વીકૃત તહેવાર થઈ ગયો છે.

માનું સ્મરણ કરવા માટે, માના ઋણને માથે ચડાવવા માટે તહેવાર ઉજવાય એ વાત જ હૃદયને સ્પર્શી ગઈ. ૧૯૮૪માં આઠમી મેના રોજ (મે મહીનાના બીજા રવીવારે) 'માતૃદીન' (મધર્સ ડે) ઉજવાશે. પશ્ચીમમાંથી આપણે ઘણું બધું લીધું છે. પોશાક, રીતભાત, છીન્ન કુટુંબ, ઘરડાં - ઘર વગેરે. હવે પશ્ચીમનો આ તહેવાર આપણા સંસ્કારને જાગૃત કરવા માટે પણ ઉછીનો લેવાની વેળા આવી પહોંચી છે. સંયુકત કુટુંબ છુટાં પડતાં જાય છે. 'માબાપે અમને જન્મ આપ્યો છે : અમને મોટાં કરે એમાં શું ? એટલી તો તેઓની ફરજ છે !'–આવો મીજાજ ધીરે ધીરે આપણે ત્યાં પણ આવતો જાય છે. હજી માતાનો મહીમા સંસ્કૃતીમાં છે, એ તો રહેલો છે. પણ ધીરે ધીરે માનું સ્થાન લોપાઈ જાય એ પહેલાં વરસમાં એક દીવસ માતૃદીન ઉજવી માના ઋણનો જાહેરમાં સ્વીકાર કરીએ અને બાકીના ત્રણસો દીવસ એને વ્યવહારમાં મુકીએ તો કેવું ?

ચન્દ્રવદન મહેતાએ એમના એક આશ્વાસન પત્રમાં લખ્યું હતું , 'મા તે મા'ની સ્મૃતી હજી આ ગોઝારા ભારતમાં રહી છે, એ એની સંસ્કૃતી છે.' રવીન્દ્રનાથે એકવાર વીદેશમાં ખળખળ વહેતાં ઝરણાંને કાંઠે ઉભા રહીને કહ્યું હતું : 'આ જળના વહેતા ધ્વનીમાં મને મારી માનો સાદ

સંભળાય છે.' એક લેખકે પોતાની મા પરના પત્રનો આરંભ કર્યો હતો : 'તારા એક સ્મીત માટે હું લાખ લાખ જોજનનું અંતર કાપવા તૈયાર છું , મારી મા !'

મા માટેની આ આરત, આ આરઝુને દરેક વાચા આપી શકતા નથી. કેટલાક તો પોતાના હૃદયની લાગણીને વાચા જ આપી શકતા નથી. પરંતુ જેમ કોઈના જન્મદીને આપણે એ વ્યકતીને ફુલો અર્પીએ, સુંદર ભેટ આપીએ એનો જ મહીમા છે. છોકરાઓ દુર દુર રહેતા હોય; પણ તે દીવસે માને મળવા ન આવી શકે એ તાર કરે, પત્ર લખે. આખો વખત બાળકો વચ્ચે જીવન વીતાવી દેતી માને એ દીવસે એવી લાગણી થાય કે મારું પણ કંઈક મહત્ત્વ છે.

એકવાર એક મીત્રે મને સરસ પ્રસંગ કહ્યો હતો. એમના કુટુંબમાં મા તરફ સૌને લાગણી. પણ બધા ભાઈઓ વ્યવસાયમાં પડી ગયેલા. કોઈને મા પાસે જવાનો સમય ન મળે. એકવાર એક ભાઈને તુકકો સુઝયો. તેણે માનો જન્મદીવસ કયારે આવે છે તે શોધવા કોશીષ કરી. માને તો યાદ હતો જ નહીં ! પણ તેણે એક યુક્તી કરી. એક જુની નોટબુક શોધી કાઢી. તેમાં કંઈક જુના હીસાબો લખ્યા. અને એક પાના પર લખ્યું : 'ચી. કાશીનો જન્મ ચૈત્ર વદ....! વગેરે વગેરે ' અને પછી સૌને લખ્યું : 'મેં આપણા કુટુંબના જુના કાગળોમાં સંશોધન કરી માનો જન્મદીન શોધી કાઢ્યો છે. આ વખતે આપણે સૌ એ દીવસ ઉજવીએ.'

માના ત્રણ દીકરા અને બે દીકરીઓ, ત્રણ પુત્રવધુઓ અને બે જમાઈઓ તથા સંખ્યાબંધ પૌત્ર–પૌત્રીઓ એકઠાં થયાં. બધાં એક પછી એક માને પગે લાગ્યાં. એક દીકરાએ પોતાનું ડૉકટરી સર્ટીફીકેટ માના ચરણમાં મુકી કહ્યું : 'મા, તેં મારી સંભાળ લીધી તો હું આટલો મોટો થયો !' એ દીકરાની વહુએ પણ કહ્યું : 'મા, તમે ન હોત તો આવો સરસ વર મને ક્યાંથી મળત ?' એક દીકરીએ કહ્યું : 'મા, મને સાસરીયામાં કોઈ આંગળી ચીંધી શક્યું નથી. એ તારી કેળવણીને કારણે જ આ બન્યું છે.' એક દીકરાએ કહ્યું : 'હું તારા ખોળામાં જે શીખ્યો એમાં કૉલેજની કેળવણી કશો જ ઉમેરો કરી શકી નથી !' મા આ બધાંની વાત સાંભળી રહી. બધાંએ માને હાર પહેરાવ્યા. જાતજાતની ભેટ સોગાદો આપી. 'હેપી બર્થડે ટુ યુ'નું ગીત ગાઈ માને હાથે કેક કપાવ્યો. તાળીઓ પાડી. છેલ્લે કોઈએ કહ્યું : 'હવે મા કંઈક બોલે !'

માના ગળે ડુમો બાઝી ગયો હતો. તેણે કહ્યું : 'દીકરાઓ, મને તો મેં આ બધું કર્યું તેની ખબર જ નથી ! દેવે દીધેલાં છોકરાં - છોકરીઓને હસતાં - રમતાં મોટાં કર્યાં એ ખરું; પણ એ તો દરેક મા કરે છે !'

જે છોકરાને માનો જન્મદીન ઉજવવાનો વીચાર આવ્યો હતો, તેણે કહ્યું : 'પણ મા, એ જ માને એના ઘડપણમાં હસતાં - રમતાં હથેળીમાં રાખીએ તે અમારે સૌએ કરવાનું કામ છે અને અમારામાંથી કેટલાં કરે છે ?'

બધાં જ સંતાનોની આંખો એ ક્ષણે ભીની થઈ. આ દીવસને – કે આવા કોઈ પણ દીવસને હું ‘માતૃદીન’ કહું.

**સાભાર અક્ષરાંકન: વીજેશ કે. શુક્લ – સુરત –** vijvan302@gmail.com

**‘જગતની સૌ માતાઓને ભાવભીની વંદના’**

♦●♦

**‘સન્ડે ઈ–મહેફીલ’** – વર્ષ: ચોથું – અંક: 165 – May 10, 2009

**‘ઉંઝાજોડણી’**માં અને **‘શ્રુતી’** ફોન્ટમાં

♦●♦●♦

**‘ભગવદ્ગોમંડળ’**ની સીડી મેળવવા માટે જે મેઈલ્સ અમને મળી રહી છે તે કલ્પનાતીત છે. અમારે હૈયે તેનો ભારે હર્ષ છે.. અમારું સમગ્ર કાર્ય સમાવી લેતી એ સીડીને ભારે આવકાર મળ્યો છે. તે મેળવવા માટેની સંખ્યાબંધ પૂછપરછ અમને મળી રહી છે. તેવા ઇચ્છુક સૌને માટે નીચેની માહિતી અમે અહીં આપી દઈએ છીએ.. હજી વધારે વિતરણ કેન્દ્રોની વ્યવસ્થા થઈ રહી છે. સી.ડી. તો સૌને મફત જ મળશે; છતાં આ ભાષાકાર્યને પુસ્કારવા અને ધમધમતું રાખવા તમારું નાનકડું દાન પણ આવકાર્ય છે. સંકોચ નહીં કરશો. દાતાઓનાં નામો અમે લૅક્સિકોનની વેબસાઈટ પર મૂક્યાં જ છે અને મૂકીએ છીએ. સૌનો ખૂબ ખૂબ આભાર...

You can get CD of 'Bhagwadgomandal' from the following Addresses :

| Location | Name | Address | Timings |
|---|---|---|---|
| Ahmedabad | Ashok Karania,<br>Magnet Technologies | 404-405, Soham-II, Near Navrang School Six Road, Navrangpura<br>Ph- 079 - 65135400 | Monday to Friday – 9.00 A.M to 7.00 P.M |
| Gandhinagar | Balvantbhai Patel | Plot No- 253/1, Sector – 7/A, Gandhinagar – 382 007 Tel-99097 18403 | For time, please ring him |
| Surat | Uttambhai Gajjar | 53, Gurunagar, Varchha Road, Surat -395 006<br>Ph- 0261-255 3591 | 9.00 to 11. 00 A.M<br>and - 5.00 to 9.00 P.M. |
| Rajkot | Bharatbhai Kapadia | Aastha, Prakash Society, Nirmala Convent Road, Opp. Nirmala Convent, Rajkot<br>Ph - 0281-258 4595 | Moday to Friday –8.30 to 11. 30 A.M and 4.30 to 6.30 P.M. |

| | | | |
|---|---|---|---|
| Bhavnagar | Jayant Meghani | Prasar, 1888, Atabhai Avenue, Bhavnagar – 364 002<br>Phone – 0278- 256 8452 | Monday to Saturday – 9.00 to 1.00 A.M<br>And 3.00 to 8.00 P.M. |
| 1.Mumbai | 1. Magnet Technologies | 101/102, First Floor, Shivrise, Akurli Road, Kandivali (East), Mumbai- 400 101<br>Ph – 022 – 4074 4800 | Monday to Friday – 9.00 A.M to 6.00 P.M |
| 2. Mumbai | 2. Jayesh Patel, Chandaria Foundation | 12, Sudhakar Apartment, 26 Narayan Dhabolkar Marg, Malbar Hill, Mumbai – 400 006<br>Ph – 022 – 2363 4867 | Monday to Friday – 11.00 A.M to 6.00 P.M |
| United Kindgom | Vipool Kalyani | 4, Rosecroft Walk, Wembley, Middlesex, HA0 2JZ, UK<br>Ph.(+44)020-8902 0993 | For time, please ring him |

*‘ગુજરાતીલૅક્સિકોન’* ***http://www.gujaratilexicon.com/*** *ની*
***23,00,000*** *થીયે વધારે મુલાકાતીઓની મુલાકાત, અમારા ઉત્સાહમાં વધારો કરે છે.*

‘જય ગુજરાતી !’


**Ratilal Chandaria**, **e-mail: rpchandaria@comcraft.com**
**Balvant Patel**, **e-mail: patel.balvant@gmail.com**
**Uttam Gajjar**, **e-mail: uttamgajjar@hotmail.com**
**Ashok Karania**, **e-mail: ashok@gujaratilexicon.com**



‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: ચોથું – અંક: 165 – May 10, 2009
‘ઉંઝાજોડણી’માં અને ‘શ્રુતી’ ફોન્ટમાં


(♦)●(♦)●(♦)●(♦)●(♦)